| ફોર્મ 15080 (ઑક્ટોબર 2025) | Department of the Treasury - Internal Revenue Service<br>**કરવેરા રિટર્ન્ માહિતી VITA/TCE કરવેરા તૈયારી સાઇટ્સસ સમક્ષ્ષ જાહેર કરવા માટેની સંમતિ** |
|---|---|

### સંઘીય ઘોષણા:

સંઘીય કાયદા અનુસાર આ ફૉર્મ તમને પ્રદાન કરવું જરૂરી છે. કાયદા દ્વારા અધિકૃતતા આપવામાં ના આવે ત્યાં સુધી, અમે તમારી સંમતિ વગર તમારા કરવેરા રિટર્નને તૈયાર કરવા અને ફાઇલ કરવા સિવાયના અન્ય ઉદ્દેશોથી તમારા કરવેરા રિટર્નની માહિતી તૃતીય પક્ષ સમક્ષ જાહેર કરી શકતા નથી. જો તમે તમારા કરવેરા રિટર્નની માહિતી જાહેર કરવાની સંમતિ આપો તો, સંઘીય કાયદો તમારા કરવેરા રિટર્નની માહિતીના આગળ ઉપયોગ અથવા વિતરણ સામે રક્ષણ ના પણ આપી શકે.

અમારી કરવેરા રિટર્ન તૈયાર કરવાની સેવાઓમાં જોડાવા માટે તમારે આ ફૉર્મ પૂરું કરવું જરૂરી નથી. જો અમે અમારી કરવેરા રિટર્ન તૈયાર કરવાની સેવાઓની શરત રાખીને તમારી સંમતિ સાથે આ ફૉર્મ પર તમારી સહી મેળવીએ તો, તમારી સંમતિ માન્ય ગણવામાં આવશે નહીં. જો તમે તમારા કરવેરા રિટર્નની માહિતીને જાહેર કરવા માટે સંમત હોવ તો, તમે દર્શાવેલા સમયગાળા સુધી તમારી સંમતિ માન્ય ગણાય છે. જો તમારી સંમતિનો સમયગાળો નિર્દિષ્ટ કરવામાં આવ્યો ના હોય તો, તમારી સંમતિ સહી કરવામાં આવે તે તારીખથી એક વર્ષ સુધી માન્ય ગણાય છે.

### શરતો:

ડેટાના ગ્લોબલ કૅરી ફૉરવર્ડથી, ટૅક્સસ્લેયર LLC, કે જેઓ VITA/TCE કરવેરા સૉફ્ટવેરના પ્રદાતા છે, તેઓ તમારા કરવેરાના રિટર્નની માહિતી, તમે આગામી ફાઇલિંગના સત્રમાં કરવેરા રિટર્ન તૈયાર કરવા માટે પસંદ કરો છો તે IRSના VITA/TCE પ્રોગ્રામમમાં ભાગ લઇ રહેલી કોઇપણ સ્વૈચ્છિક સાઇટને ઉપલબ્ધ કરાવી શકશે. આનો અર્થ એવો થાય કે, તમે ટૅક્સસ્લેયરનો ઉપયોગ કરીને આવતા વર્ષે કોઇપણ સ્વૈચ્છિક સાઇટની મુલાકાત લઇ શકશો અને આ વર્ષે તમે ક્યાં તમારું કરવેરા રિટર્ન ફાઇલ કર્યું તેને ધ્યાનમાં લીધા વગર, તમારા વર્તમાન વર્ષના ડેટા ભરેલું તમારું કરવેરા રિટર્ન તમને મળશે. આ સામગ્રી 30 નવેમ્બર 2027 સુધી માન્ય છે.

કરવેરા રિટર્નની જે માહિતી જાહેર કરવામાં આવશે તેમાં, તમારી ડેમોગ્રાફિક અને નાણાકીય અને અન્ય વ્યક્તિગત રીતે ઓળખપાત્ર માહિતી, તમારા વિશે, તમારા કરવેરાનું રિટર્ન અને આવકના સ્રોત કે જેને તમારું કરવેરાનું રિટર્ન તૈયાર કરવાના ઉદ્દેશથી કરવેરો તૈયાર કરવાના સૉફ્ટવેરમાં દાખલ કરવામાં આવી હોય તેને જાહેર કરવામાં આવશે, પરંતુ આટલા સુધી તે મર્યાદિત નથી. આ માહિતીમાં તમારું નામ, સરનામું, જન્મતારીખ, ફોન નંબર, SSN, ફાઇલિંગની સ્થિતિ, રોજગાર, નોકરીદાતાનું નામ અને સરનામું, આવકની રકમ અને સ્રોતો, કપાત અને જેનો દાવો કરવામાં આવ્યો હોય અથવા તમારા કરવેરાના રિટર્નમાં સમાવેલ હોય તેવી ક્રેડિટ સામેલ હોય છે. જેને જાહેર કરવામાં આવશે તેવી કરવેરા રિટર્નની માહિતીમાં નામ, SSN, જન્મતારીખ અને તમારા કરવેરા રિટર્નમાં દાવો કરવામાં આવ્યો હોય તેવા કોઇપણ આશ્રિતો સાથે સંબંધની વિગતો સામેલ છે.

તમારે આ વર્ષે તમારું કરવેરાનું રિટર્ન તૈયાર કરવા માટે VITA/TCE ભાગીદારને તમારી સંમતિ આપવાની જરૂર નથી. ગ્લોબલ કૅરી ફૉરવર્ડ જો તમે આવતા વર્ષે ટૅક્સસ્લેયરનો ઉપયોગ કરી રહેલા અલગ VITA અથવા TCE ભાગીદારીની મુલાકાત લો, તો જ મદદ કરશે. તમને આ ફૉર્મની સહી કરેલી નકલ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

સંમતિના સમયગાળા પર મર્યાદા: હું/અમે, કરદાતા, ઉપર ઉલ્લેખ કરવામાં આવેલી (30 નવેમ્બર 2027) કરતાં વહેલી તારીખ સુધી કરવેરાના રિટર્નની માહિતી જાહેર કરવાની સંમતિના સમયગાળાને મર્યાદિત કરવા ઇચ્છુક નથી. જો હું/અમે માહિતી જાહેર કરવાની સંમતિના સમયગાળાને વહેલી તારીખ સુધી મર્યાદિત કરવા ઇચ્છુ/ઇચ્છીએ તો, હું/અમે સંમતિનો ઇનકાર કરીશ/કરીશું.

જાહેર કરવાના અવકાશ પર મર્યાદા: હું/અમે, કરદાતા, ઉપરોક્ત રજૂ કરવામાં આવ્યા કરતા વધારે કરવેરાના રિટર્નની માહિતીને જાહેર કરવાના અવકાશને મર્યાદિત કરવા ઇચ્છુક નથી. જો હું/અમે ઉપરોક્ત રજૂ કરવામાં આવ્યા કરતાં વધારે કરવેરાના રિટર્નની માહિતી જાહેર કરવાના અવકાશને મર્યાદિત કરવા ઇચ્છુ/ઇચ્છીએ તો, હું/અમે સંમતિનો ઇનકાર કરીશ/કરીશું.

### સંમતિ:

મેં/અમે, કરદાતા, ઉપરોક્ત માહિતી વાંચી છે.

અહીં હું/અમે ઉપર ગ્લોબલ કૅરી ફૉરવર્ડની શરતોમાં વર્ણન કરવામાં આવેલી કરવેરાના રિટર્નની માહિતીને જાહેર કરવાની સંમતિ આપુ છુ/આપીએ છીએ અને આ ઘોષણાની શરતોને હું/અમે સંમતિ આપુ છુ/આપીએ છીએ તેની ચકાસણી કરવા માટે કરવેરા તૈયાર કરવાના સૉફ્ટવેરમાં મારા વતી PIN દાખલ કરવાની કરવેરા રિટર્ન તૈયાર કરનારને અનુમતિ આપુ છુ/આપીએ છીએ.

| | |
|---|---|
| પ્રાથમિક કરદાતાનું છાપેલું નામ અને સહી | તારીખ |
| દ્વિતિય કરદાતાનું છાપેલું નામ અને સહી | તારીખ |

જો તમને લાગતુ હોય કે, તમારા કરવેરાના રિટર્નની માહિતી કાયદા દ્વારા બિનઅધિકૃત રીતે અથવા તમારી પરવાનગી વગર જાહેર કરવામાં આવી છે અથવા અયોગ્ય રીતે ઉપયોગમાં લેવામાં આવી છે તો, તમે 1-800-366-4484 ટેલિફોન નંબર દ્વારા અથવા https://www.tigta.gov/reportcrime-misconduct પર ઈમેલ દ્વારા ટ્રેઝરી ઇન્સ્પેક્ટર જનરલ ફોર ટેક્સ એડમિનિસ્ટ્રેશન (TIGTA)નો સંપર્ક કરી શકો છો.